જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/03/૨૦૧૮ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૯૪/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૩ કેસ કરી, ૬૩ વ્યક્તિઓને ઝડપી, ૪૦૭ લીટર દેશી દારૂ, ૫૫ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૪ સ્કૂટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૭ કેસ કરી ૬૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૫૪,૩૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૯૫/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૪૯૬/૧૮**

**ગુજરાત યુનિવર્સિટીઃ** ભાવેશભાઈ વિઠલભાઈ પટેલ (રહે. પલીયડનગર સોસાયટી સેન્ટ ઝેવયર્સ સ્કુલ રોડ નારણપુરા) એ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/03/૧૮ બપોરના ૩/30 થી તા.૧૧/03/૧૮ સાંજના ૭/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાની જાળીના નકુચા તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના જેમાં બગડી નંગ-૪, વીંટી નંગ-૬, અમેરીકન ડાયમંડ વીંટી, ચેઈન નંગ-૨, પેન્ડલ સાથેનુ ડોકીયુ, મઠાકાવાળી બુંટી નંગ-૬, બુટી સાથેનો લકી નંગ-૨, મળી કિમત રૂપિયા ૩,૦૦,૦૦૦/- તથા ચાંદીના ગણપતી,લક્ષ્મણજીની મૂર્તી તથા સિક્કા સાથે કિમત રૂપિયા ૩૦૦૦/- અને રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૪૬,૦૦૦/ મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.કે.વાઘેલા ચલાવે છે.

**પાલડીઃ** દિપેનભાઇ અશ્વીનભાઇ શાહ (રહે.સંજીવનાથ બંગલોર૩ પંકજ સોસાયટી રામજી મંદિર પાસે ભઠ્ઠા પાલડી) એ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/03/૧૮ રાતના ૧૧/30 થી તા.૧૧/03/૧૮ કલાક ૨/00 વાગ્યા દરમ્યાન પોતાના મકાનની બારીના સળીયા વાળી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ચાંદીનો જુડો કિમત રૂપિયા ૧૫૦૦/- અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૩૭,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એસ.ગરચર ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૪૯૭/૧૮</u>**

**ગુજરાત યુનિવર્સિટીઃ** બ્રિજેશ કિશોરભાઈ રાજપુત (રહે. અંબુજા એવન્યુ વટવા રેલ્વે ક્રોસીંગ પાસે વટવા) એ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૦૩/૧૮ સવારના ૭/૩૦ થી ૯/૪૫ વાગ્યા દરમ્યાન નવરંગપુરા એજ્યુકેશન ગ્રાઉન્ડ ખાતે પાર્ક કરેલ પોતાની એક્ટીવાની ડેકી ખોલી અજાણી વ્યક્તિ ડેકીમાંથી અલગ-અલગ કંપનીના મોબાઈલ ફોન નંગ-૭ અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૬૩,૭૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.કે.મંડોરા ચલાવે છે.

**<u>વાહન ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૪૯૮/૧૮</u>**

**સાબરમતીઃ** મુકેશભાઇ મુરારીલાલ મહોર(રહે. નેતળદેવ પાર્ક સોસાયટી દુર્ગા સ્કુલ સામે ચાંદલોડિયા) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૩/૧૮ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે સાબતમતી અનમોલ ફ્લેટની બહારના ભાગે પાર્ક કરેલ પોતાની વેગન આર કાર નંબર જીજે૧ કેક્યુ ૨૪૩૦ કિમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.પી મેઘલાતર ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૪૯૯/૧૮</u>**

**શાહપુરઃ** મો.યુનુસ સ/ઓ કમાલુદ્દીન મોમીન (રહે.વનમાળી વાંકાની પોળ) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૩/૧૮ કલાક ૦૨/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.ડી.વસાવા ચલાવે છે.

**શહેરકોટડાઃ** પ્રકાશ રમેશભાઇ પટણી (ઉ.વ.૨૪) (રહે. અશોક મીલની જુની ચાલી અનિલ મીલ સામે અનિલ રોડ બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૨/૧૮ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમ્યાન તા.૧૧/૦૩/૧૮ નારોજ તેમનું મૃત્યુ નિપજયું હતુઆ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કેસરીસિંહ તખતસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.